# 26મીએ સેન્ટ્રલ ઝોનમાં પાણીકાપ ચાર લાખની વસ્તીને અસર થશે

**MMTHની** કામગીરી દરમિયાન લીકેજ થયેલી લાઈન રિપેરિંગ બાદ ફરી લીકેજ થતાં હવે કોલર સાથેનું પૂર્ણ રિપેરિંગ કરાશે

### કયા કયા વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેશે?

સેન્ટ્રલ ઝોનના ઉત્તર વિસ્તારમાં રહેતી અંદાજે ચાર લાખ જેટલી વસતીને સીધી અસર પહોંચશે. જેમાં દિલ્હીગેટથી ચોક બજાર સુધીનો વિસ્તાર, રાજમાર્ગથી ઉત્તર તરફના મહિધરપુરા, રામપુરા, હરીપુરા, સૈયદપુરા, ધાસ્તીપુરા, શાહપોર-નાણાંવટ તથા આજુબાજુનો સમગ્ર વિસ્તાર અને સુમુલ ડેરી રોડ અને રેલવે સ્ટેશન વિસ્તારમાં પાણી પુરવઠો સદંતર બંધ રહેશે.

સુરતઃ રિંગ રોડ પર ફાલસાવાડી પોલીસ સ્ટેશનની સામે MMTH પ્રોજેક્ટની કામગીરી દરમ્યાન સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં પાણી પુરવઠો પૂરો પાડતી પાણીની મુખ્ય લાઈન લીકેજ થવાની ઘટના સતત બીજી વાર સામે આવી છે. એક મહિના અગાઉ આ જ વિસ્તારમાં આ પાણીની લાઈનમાં MMTHની કામગીરીને લઈને ભંગાણ થયું હતું. જે તે સમયે મનપા દ્વારા ટેમ્પરરી લીકેજ રીપેરીંગ કરી દેવાયું હતું. પરંતુ જે તે સમયે પાઈન જોઈનીંગમાં ઉપયોગી કોલર મનપા પાસે કે MMTH પ્રોજેક્ટ કામગીરીના સંબંધિત કોન્ટ્રાક્ટરો પાસે પણ ઉપલબ્ધ ન હોવાથી, જોઈનીંગની કામગીરી યોગ્ય રીતે પૂર્ણ થઈ શકી ન હતી. જેથી ફરીવાર લીકેજ થયું હોવાથી અને હવે આ કોલર ઉપલબ્ધ થતા લીકેજને તાત્કાલિક દૂરસ્ત કરવા માટે મનપા દ્વારા અગત્યની મરામત કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ મરામત કામગીરી 26 ડિસેમ્બરે શુક્રવારે સવારે 9:00 વાગ્યાથી શરૂ કરી બીજા દિવસે એટલે કે 27 ડિસેમ્બરે શનિવારે સવારે 5 વાગ્યા સુધી સતત ચાલશે.

## શિક્ષણ સમિતિના બજેટમાં ગરમાગરમી...



■ સુરત મહાનગર પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું ૨૦૨૫-૨૬નું સુધારેલું અને ૨૦૨૬-૨૭નું નવું સૂચિત બજેટ મંગળવારે યોજાયેલી બજેટની વિશેષ સામાન્ય સભામાં મંજૂર કરવામાં આવ્યું હતું. (ત. સતીષ જાદવ)

**90.24 કરોડના કાપ સાથે 1032.93ના ડ્રાફ્ટ બજેટને મંજૂરી**

# એક પણ નવી જોગવાઈ વગરનું સમિતિનું ડ્રાફ્ટ બજેટ

**બજેટમાં** મુકાતી જોગવાઇઓ આંકડાની માયાજાળ ગણાવી વિપક્ષે વખોડ્યુ

**કાયમી** શાસનાધિકારી, મહેકમની ઘટ મુદ્દે શાસકો બેકફૂટ પર

સુરતઃ સુરત મહાનગર પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું ૨૦૨૫-૨૬નું સુધારેલું અને ૨૦૨૬-૨૭નું નવું સૂચિત બજેટ મંગળવારે યોજાયેલી બજેટની વિશેષ સામાન્ય સભામાં મંજૂર કરવામાં આવ્યું હતું. વર્તમાન સભ્યોની અંતિમ બજેટ બેઠક દરમિયાન શિક્ષકોની ઘટ, કાયમી શાસનાધિકારીની નિમણૂક, વહીવટી સ્ટાફની અછત તથા વિદ્યાર્થીઓને તબીબી સારવાર જેવા મુદ્દાઓને લઈને શાસક અને વિપક્ષ વચ્ચે ઉગ્ર રકઝક અને આક્ષેપ-પ્રતિઆક્ષેપ થયા હતા. અંતે કોઈ નવી જાહેરાત કે સવલત વિના માત્ર આંકડાકીય ફેરફારો સાથે બજેટને મંજૂરી આપવામાં આવી હતી.

શિક્ષણ સમિતિના ૨૦૨૫-૨૬ના વર્ષ માટે મૂળ ૧૧૦૩ કરોડના બજેટમાં ૨૧.૦૯ કરોડનો વધારો કરવામાં આવ્યો હતો, પરંતુ સાથે જ ૧૧૧.૩૧ કરોડના ખર્ચમાં કાપ મુકાતા કુલ મળીને ૯૦.૨૪ કરોડનો ઘટાડો થયો હતો. પરિણામે ૨૦૨૫-૨૬ માટેનું સુધારેલું બજેટ ૧૦૧૨.૯૦ કરોડ થયું હતું. તેમાં સરકારી ફાળો ૬૫૯.૯૭ કરોડ, પાલિકાનો ફાળો ૩૪૩.૯૭ કરોડ અને અન્ય આવક ૮.૯૬ કરોડનો સમાવેશ થાય છે. દરમિયાન ૨૦૨૬-૨૭ના વર્ષ માટે ઇન્ચાર્જ શાસનાધિકારી મેહુલ પટેલે ૧૦૩૨.૯૩ કરોડનું નવું બજેટ રજૂ કર્યું હતું.

સરકારી ફાળો, પાલિકાનો ફાળો તથા અન્ય આવક મળીને કુલ ૧૦૩૨.૯૩ કરોડનું બજેટ તૈયાર કરવામાં આવ્યું છે.

બજેટ ચર્ચા દરમિયાન વિપક્ષી સભ્ય રાકેશ હીરપરાએ શિક્ષણ સમિતિ પાસે કાયમી શાસનાધિકારી ન હોવો, ડેપ્યુટી તથા ઉપશાસનાધિકારીની ઘટ અને ૪૯૮ મંજૂર જગ્યામાંથી માત્ર ૧૮૬ વહીવટી કર્મચારીઓ હોવાનો મુદ્દો ઉછાળ્યો હતો. વહીવટી સ્ટાફની અછતને કારણે યુનિફોર્મ વિતરણ અને તબીબી સહાય સંબંધિત પૂરતા રેકોર્ડ ન હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. તેના જવાબમાં શાસક પક્ષના સભ્યોએ સમિતિની શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ, ટેક્નોલોજીનો ઉપયોગ અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓ સરકારી શાળામાં પ્રવેશ લેવા ઇચ્છે છે તે મોટી સિદ્ધિ હોવાનું જણાવ્યું હતું. ભારે ચર્ચા અને રકઝક બાદ અંતે ૯૦.૨૪ કરોડના કાપ સાથે ૨૦૨૫-૨૬નું સુધારેલું બજેટ તથા ૨૦૨૬-૨૭નું ૧૦૩૨.૯૩ કરોડનું નવું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું.

### વિદ્યાર્થીઓની તબીબી સહાય માટે 5 લાખમાંથી એકેય રૂપિયો વપરાયો નહીં

વિપક્ષે આક્ષેપ કર્યો હતો કે બિનશૈક્ષણિક કર્મચારીઓના ગણવેશ માટે મૂળ બજેટમાં ૩ લાખ અને વિદ્યાર્થીઓની તબીબી સહાય માટે ૫ લાખની જોગવાઈ હોવા છતાં અત્યાર સુધી એકેય રૂપિયાનો ખર્ચ થયો નથી. એ જ રીતે તબીબી તપાસ, સભ્યોના ભથ્થા, કચેરી વહીવટી ખર્ચ, શારીરિક કેળવણી સહિતના અનેક મહત્વના હેડમાં ખર્ચ શૂન્ય છે. આ તમામ હેડમાં સુધારેલા બજેટમાં 'હવે ખર્ચ થશે' એવો માત્ર આશાવાદ વ્યક્ત કરીને જવાબદારીમાંથી છટકી જવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### 1000 કરોડનું બજેટ છતાં કાયમી શાસનાધિકારી ક્યારે મળશે?

વિપક્ષી સભ્યોએ વધુમાં જણાવ્યું હતું કે શિક્ષણ સમિતિ પાસે હજુ સુધી કાયમી શાસનાધિકારી નથી, જ્યારે શાળાઓની ઇમારતોના સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટ અંગે સ્પષ્ટતા નથી. પુરુષ અને મહિલા કર્મચારીઓના યુનિફોર્મ માટેના ઓર્ડરો પણ મોડા આપવામાં આવતા હોવાને કારણે કર્મચારીઓ અસંતોષ અનુભવી રહ્યા છે. આવી સ્થિતિમાં સમિતિ શાળાઓની સલામતી અને શિસ્ત જાળવવામાં નિષ્ફળ સાબિત થઈ રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. શિક્ષકોને શિક્ષણ કાર્ય છોડીને એસઆઇઆર જેવી વહીવટી કામગીરી સોંપવામાં આવી હોવાના મુદ્દે પણ વિપક્ષે આકરા પ્રહારો કર્યા હતા. વિપક્ષે જણાવ્યું હતું કે શિક્ષકો પર વધારાનો ભાર મૂકવાથી સીધી અસર વિદ્યાર્થીઓના અભ્યાસ પર પડી રહી છે. જો કે, આ મુદ્દે સભ્ય વિનોદ ગજેરા અને યશોધર દેસાઈ બચાવમાં ઉતરી આવ્યા હતા અને શિક્ષકોની કામગીરી તથા તેમની નિષ્ઠાને વખાણી હતી.

### ખાનગી શાળા કરતાં વિદ્યાર્થી દીઠ વધુ ખર્ચ, પણ સમયસર પુસ્તકો-યુનિફોર્મ કેમ મળતાં નથી?

શિક્ષણ સમિતિના બજેટ દરમિયાન રજૂ થયેલી વિગતોમાં જણાવ્યા મુજબ સુરત મનપા સંચાલિત શિક્ષણ સમિતિમાં હાલ શાળાઓની સંખ્યા 362 પર પહોંચી છે. જેમાં કુલ 199186 બાળક અભ્યાસ કરે છે. મોટી વાત તો એ છે કે શહેરની ખાનગી પ્રાથમિક શાળામાં 30થી 40 હજાર ફી હોઇ શકે, તેની સામે મનપાની શાળાના બાળકો પાછળ સમિતિ પ્રત્યેક બાળક દીઠ 51 હજાર જેટલો ખર્ચ કરે છે. જો કે વિપક્ષે રોષ વ્યક્ત કર્યો હતો કે આટલો મોટો ખર્ચ કરવા છતા વિદ્યાર્થીઓને સમયસર યુનિફોર્મ, પુસ્તકો, પુરતા શિક્ષકો અને રમત-ગમતના સાધનો તેમજ શાળાઓમાં યોગ્ય સફાઇ થતી નથી.

# સુપર બિલ્ટપ એરિયા આધારિત સ્ટેમ્પ ડ્યુટીના નિર્ણયથી વિવાદ

**કાનૂની** પ્રક્રિયા વિના અમલ અને નાગરિકો પર વધારાના બોજ પડવાનો વકીલોનો આક્ષેપ



સુરતઃ સુરત, વલસાડ અને ડાંગ જિલ્લાઓ માટે લાગુ કરવા પ્રયાસ કરાયેલા આ સૂચનાપત્રથી ફ્લેટ ખરીદદારો પર સીધો નાણાકીય બોજ વધવાની શક્યતા હતી. વકીલોએ દલીલ કરી હતી કે સુપર બિલ્ટપ એરિયામાં લિફ્ટ, સીડીઓ, કોમન પેસેજ જેવા ભાગો સામેલ હોય છે, જેના પર વ્યક્તિગત માલિકી નથી. આવા ક્ષેત્ર પર સ્ટેમ્પ ડ્યુટી વસૂલવી કાયદાની ભાવનાની વિરુદ્ધ હોવાનું વકીલ સમુદાયનું કહેવું છે.

વકીલ આલમ દ્વારા કલેક્ટર સમક્ષ કરાયેલી રજૂઆતમાં સ્પષ્ટ કરાયું હતું કે, કોઈપણ નીતિગત ફેરફાર પહેલાં જરૂરી કાનૂની પ્રક્રિયા, માર્ગદર્શિકા અને જાહેર હિતધારકોની સલાહ લેવી અનિવાર્ય છે. પરંતુ આ સૂચના કોઈ સ્પષ્ટ કાનૂની આધાર વગર અને અચાનક અમલમાં મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું વકીલોનું માનવું છે, જેનાથી વિવાદ અને ગેરસમજ ઊભી થવાની સંભાવના હતી.

મામલાની ગંભીરતા સમજતા જિલ્લા કલેક્ટરે વકીલ સમુદાયને ખાતરી આપી હતી કે, સ્ટેમ્પ ડ્યુટીની ગણતરી અંગેનો સૂચનાપત્ર હાલ પુરતો સ્થગિત રાખવામાં આવશે. સાથે જ તમામ કાનૂની પાસાં, નાગરિકો તથા હિતધારકોના હિતોને ધ્યાનમાં રાખીને આગળનો નિર્ણય લેવામાં આવશે એવી બાંયધરી પણ આપવામાં આવી હતી.

આ રજૂઆત દરમિયાન સિટી બાર એસોસિયેશનના પ્રમુખ નિલકંઠ બારોટ સહિત દેવાંગ ઘાસવાલા, મયૂર પટેલ, મનોજ પટેલ, જનકભાઈ તાલિયા, ભાર્ગવભાઈ ભેડા, હેમંત ચાવાલા અને મોટી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહ્યા હતા. વકીલ સમુદાયે એકસૂરથી જણાવ્યું હતું કે, નાગરિકોના હિતોને નુકસાન પહોંચાડે તેવી કોઈ પણ કાર્યવાહી સામે તેઓ કાનૂની રીતે લડત ચાલુ રાખશે.

# ડેરીમાં દૂધના બદલે નશા માટેના ગોગો પેપર મળે છે

**વરાછા** જગદીશનગરની જાનકી ડેરીના સંચાલકની ધરપકડ



સુરત વરાછા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.બી. ગોજીયાને મળેલી માહિતી મુજબ, જગદીશ નગરમાં આવેલી જાનકી ડેરી એન્ડ પ્રોવિઝન નામની દુકાનનો સંચાલક યુવાઓને નશાના રવાડે ચઢાવતી સામગ્રી છૂપે રીતે વેચી રહ્યો હતો. પોલીસની ટીમે કોઈને પણ શંકા ન જાય તે રીતે દુકાન પર ઓચિંતો છાપો માર્યો. દુકાનની ઝીણવટભરી તપાસમાં પ્રતિબંધિત ગોગો પેપરનો જથ્થો બહાર આવ્યો હતો.

સરકારી નિયમોનું ઉલ્લંઘન કરીને નશા સંબંધિત સામગ્રી રાખવા અને વેચાણના પ્રયાસ બદલ પોલીસે તમામ પેકેટ જપ્ત કરી લીધા છે. સાથે જ ડેરીના માલિક અરવિંદભાઈ રવજીભાઈ ખેર (ઉ.વ.52 રહે. જગદીશનગર)ને સ્થળ પરથી જ અટકાયતમાં લઈ વધુ પૂછપરછ શરૂ કરવામાં આવી છે. આ ગોગો પેપર ક્યાંથી લાવવામાં આવ્યા? કેટલા સમયથી તેનો વેપાર ચાલી રહ્યો હતો? અને આ પાછળ કોઈ મોટું નેટવર્ક સંકળાયેલું છે કે નહીં? તે તમામ દિશામાં તપાસ આગળ ધપાવવામાં આવી છે.

ગોગો પેપરનો ઉપયોગ સામાન્ય રીતે માદક પદાર્થો ભરીને નશો કરવા માટે થતો હોવાને કારણે રાજ્ય સરકારે તેના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. તેમ છતાં, ઝડપી નફાની લાલચમાં કેટલાક વેપારીઓ કાયદાને હાથમાં લઈ 'બંધ બારણે' આવી પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા હોવાનું ફરી એકવાર સામે આવ્યું છે.

### ૧૦ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા

સુરતઃ રૂપિયા ૧૦ લાખના ચેક રિટર્ન કેસમાં સ્મોલ કોઝ કોર્ટે આરોપીને એક વર્ષની સજા ફટકારી હતી. મગદલ્લામાં રહેતાં ઠાકુરભાઈ પરષોત્તમભાઈ પટેલે સંબંધી આરોપી મહેન્દ્રભાઈ ધનજીભાઈ પટેલ (રહે., મંદિર ફળિયુ, દિપલી, જીઆવ, તા.ચોર્યાસી ) સામે ચેકબાઉન્સની કોર્ટમાં ફરિયાદ થઇ હતી. આરોપી ઈશીતા વિઝન, ઈશીતા ઓટોમોબાઈલ તથા ઈશીતા ઈલેક્ટ્રોનિક્સના નામથી ધંધો કરે છે. આરોપીએ ધંધાના કામ માટે રૂપિયા દસ લાખ ફરીયાદી પાસેથી લીધા હતા. જે અંગે આરોપીએ આપેલા ચેક રિટર્ન થયા હતા. આ કેસમા કોર્ટે બન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપી મહેન્દ્રભાઈ ધનજીભાઈ પટેલને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. તેમજ ચેકની રકમ વાર્ષિક ૬ ટકાના વ્યાજ સહિત આરોપીએ ફરીયાદીને વળતર તરીકે ચૂકવી આપવા આદેશ કર્યો હતો.

### પત્નીને ભરણપોષણ ચૂકવવા ફેમિલી કોર્ટનો પતિને હુકમ

સુરતઃ આ કેસની હકીકત એવી છે કે, રક્ષાબેન (નામ બદલેલ છે) એ પોતાના પતિ પરેશભાઈ (નામ બદલેલ છે) વિરુદ્ધ માસિક ભરણપોષણ મેળવવા અરજી કરી હતી. રક્ષાબેને અરજીમાં જણાવેલું કે પતિ મહિને રૂ.૭૦,૦૦૦ જેટલી કમાણી કરે છે .અરજદાર પોતાના માતાની આશ્રિત છે. બંને સંતાનો અભ્યાસ કરે છે અને ભણતર પાછળ રૂ. ૧૦,૦૦૦ માસિક ખર્ચ થાય છે તે પતિ દ્વારા વ્યભિચાર અંગેના ખોટા આક્ષેપ કરવામાં આવ્યાં હતા. પતિ દ્વારા વ્યભિચારના આક્ષેપોના સમર્થન પુરાવા રજૂ કર્યા ન હતા. ફેમિલી કોર્ટ દ્વારા અરજદાર રક્ષાબેન અને તેમના બંને સંતાનને માસિક રૂ.૨૧,૦૦૦ ખોરાકી પોષાકી ચૂકવવા હુકમ કરવામાં આવ્યો હતો.

# BCGની ચૂંટણી લડવા સુરતના વકીલોમાં થનગનાટ

**સુરતમાંથી** ઝકી મુખ્તીયાર શેખ, પ્રીતિબેન જોશી, નસીમજી કાદરી, આશિષ જાગાણી સહિતના નામોની ચર્ચા

સુરતઃ આગામી સમયમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યા છે ત્યારે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે કેટલાક વકીલો થનગની રહ્યા છે. બીસીજીની ચૂંટણી આવે એ પહેલાં સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીનો માહોલ શાંત થાય તે પહેલાં બીસીજીની ચૂંટણી અંગેની ચર્ચાએ જોર પકડ્યું છે. આ વખતે સુરતમાંથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં ઝંપલાવવા ઘણા વકીલે કમ્મર કસીને બેઠાં છે. સુરતના કેટલાક વકીલોએ તો ઉમેદવારી નોંધાવવાની ઈચ્છા સાથે સોશિયલ મીડિયા ઉપર પ્રચાર પ્રસાર શરૂ કરી દઈ વકીલો જોડે ખાનગી બેઠકો પણ કરી રહ્યા છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ડિસિપ્લિન કમિટીના ચેરમેન આર. એન. પટેલના જણાવ્યા મુજબ સુપ્રીમ કોર્ટ દ્વારા સ્ટેટ બાર કાઉન્સિલની ચૂંટણીઓ ત્રણ મહિનામાં યોજવા આદેશ કર્યો હતો. જેના અનુસંધાને હરિયાણા, પંજાબ સહિત ત્રણ રાજ્યમાં ચૂંટણી જાહેર કરી દેવામાં આવી છે. જ્યારે ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં ચૂંટણી જાહેર થવાની બાકી છે.

આગામી દિવસોમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તારીખ જાહેર કરે તેવી વકી છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ૨૫ સભ્યોની ચૂંટણી થશે, જેમાં ૩૦ ટકા મહિલા અનામત પણ રહેશે. આ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં ડિસિપ્લિન કમિટી, ફાઈનાન્સ કમિટી સહિત ૧૫ જેટલી કમિટીની રચના થાય છે.

# સગીરા સાથે અડપલાં કરનાર વિધર્મી યુવકને પાંચ વર્ષની સજા

**ફાસ્ટ** ટ્રેક સ્પેશિયલ કોર્ટે પોક્સો એક્ટ હેઠળ સજા અને દંડ ફટકાર્યો

### સીસીટીવી ફુટેજમાં આરોપી ભોગ બનનારને લઇ જતો દેખાયો હતો

સુરતઃ એ.પી.પી.ડીવી દવેએ દલીલ કરી હતી કે ભોગ બનનારે પોતાના સોંગદ પરના પુરાવામાં ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન આપ્યું છે. સીસીટીવી ફુટેજમાં આરોપી ભોગ બનનારને લઇ જતો દેખાય છે. ઓળખ પરેડની કાર્યવાહીમાં પણ ભોગ બનનારે આરોપીને ઓળખી બતાવ્યો હતો. તમામ પુરાવાને માન્ય રાખીને આરોપીને સજા કરવા રજુઆત કરી હતી.

સુરતઃ સગીર વયની માસુમ કિશોરીને ઘરકામ કરાવવાનાં બહાને અવાવરુ મકાનમાં લઈ જઈ શારીરિક અડપણાં કરનાર વિધર્મી યુવકને ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટે પોક્સો એકટ અન્વયે પાંચ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો.

કીમ પોલીસ સ્ટેશનને નોંધાયેલી ફરિયાદની હકીકત એવી હતી કે ફરિયાદીની દીકરી પડોશી કાકીને ત્યાં હતી, ત્યારે આરોપી અલ્ફાજ નિયાજુદ્દીન શેખ(માંગરોળ)નો આવ્યો હતો અને કાકીને ઘરકામ કરવા માટે ગાડી પર બેસાડીને લઈ ગયો હતો. ત્યારબાદ ૨૦ મિનિટ પછી પરત આવી ભોગ બનનારને 'તારી કાકી તારી રાહ જોઈ છે ' તેમ કહીને ગાડી પર બેસાડીને લઈ ગયો હતો. આરોપી પહેલા મુળદ ગામ તરફની એક સોસાયટીમાં લઈ જતા ત્યાં કામ કરતાં મજુરોએ પૂછપરછ કરતા આરોપી ત્યાંથી નીકળી ગયો હતો અને એક અજાણી જગ્યાના મકાનમાં લઈ ગયો હતો.

આ મકાનની સાફ-સફાઈ કરવાનું હોવાનું જણાવી 'તારી કાકીને મારી બહેન લઈને આવે છે'તેમ જણાવી ભોગ બનનારને બાથરૂમમાં ધક્કો મારી શારિરીક છેડછાડ કરવા લાગ્યો હતો. જેથી ભોગ બનનારે બુમાબુમ કરી મુકતા આરોપી ધમકી આપી ભાગી ગયો હતો.

ત્યારબાદ ભોગ બનનારે નજીકની દુકાનવાલાની મદદથી સંબંધીને ઘરે પહોંચીને તેની સાથે બનેલી ઘટના અંગે વાત કરતા પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.આ કેસમાં સરકારી વકીલ ડી વી દવેની દલીલોના આધારે કોર્ટે આરોપી અલ્ફાજ નિયાજુદ્દીન શેખને પાંચ વર્ષની સખ્ત કેદની સજાનો હુકમ કર્યો હતો.

# માદક અફીણ અને પોષડોડા કાપડના દલાલની ધરપકડ

**રૂ.૨.૫૭** લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત, NDPS હેઠળ ગુનો નોંધાયો

સુરતઃ NO DRUG IN SURAT CITY અભિયાન અંતર્ગત પુણા પોલીસે કાર્યવાહી કરી પરવટ પાટિયાની જલારામ સોસાયટીમાંથી બે કાપડ દલાલોને ૨.૨૯ લાખના પોષ ડોડા અને પાઉડર સાથે ઝડપી પાડ્યા છે.

પુણા પોલીસે જલારામ સોસાયટીના પ્લોટ નં.36માં રેઈડ પાડી હતી. રેઈડ દરમિયાન સ્થળ પરથી બુધારામ ઘમંડારામ બિશ્નોઈ (ઉં.વ.૪૦) અને દિનેશકુમાર નંદલાલ મુન્દ્રા (ઉં.વ.૩૫) (બંને રહે.,દાદર પાસે, ત્રીજો માળ, પ્લોટ નં.36, લક્કી મોટર્સ ડ્રાઈવિંગ સ્કૂલની ઉપર, જલારામ સોસાયટી, વિભાગ-2, પરવટ પાટિયા પાસે, પુણા, મૂળ-રાજસ્થાન)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન તેમની પાસેથી માદક પદાર્થ અફીણનું કુલ ચોખ્ખું વજન ૦.૪૧૧ કિ.ગ્રા. (કિં. રૂ.૨,૦૫,૫૦૦) તથા પોષડોડા (POPPY STRAW) પાઉડરનું કુલ વજન ૧.૬૦૮ કિ.ગ્રા. (કિં. રૂ.૨૪,૧૨૦) મળી આવ્યું હતું. ઉપરાંત બે મોબાઈલ ફોન (કિં. રૂ.૨૦,૦૦૦) તથા રોકડા રૂ.૮,૩૪૦ મળી કુલ રૂ.૨,૫૭,૯૬૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. બંને આરોપીઓ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી. પૂછપરછમાં બંને જણાવ્યું હતું કે, તેઓ વતનમાં રહેતા સોહનલાલ ગીલા બિશ્નોઈ (મૂળ વતન-મોઢા, તા.સાંચોર, થાણા કરડા, જિ.ઝાલોર, રાજસ્થાન) પાસેથી છૂટકામાં વેચાણ સારું લાવ્યા હતા. તેઓ કાપડ દલાલી કરતા હોવાથી ફાવટ નહીં આવતાં આ વેપાર શરૂ કર્યો હોવાનું પોલીસ સમક્ષ રટણ કર્યું હતું. જેથી આ ગુનામાં જથ્થો આપનાર સોહનલાલ બિશ્નોઈને વોન્ટેડ જાહેર કર્યો છે.

# ગર્ભવતીના લૂંટેલા રૂપિયાથી ગર્લફ્રેન્ડ સાથે મનાલીમાં જલસા

**ઈચ્છાપોરમાં** આંખમાં મરચાની ભૂકી નાંખી ગર્ભવતી મહિલાના ઘરમાંથી 2.26 લાખના દાગીના-રોકડની લૂંટ ચલાવી હતી

**ગર્લફ્રેન્ડ** ફરવા લઈ જવાની જીદ કરતી હતી, લૂંટ કરીને વાયા રાજસ્થાન ગાડી કરીને શિમલામાં મોજ ઉડાવતો હતો

સુરતઃ ઈચ્છાપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાત માસની ગર્ભવતી મહિલાની આંખમાં લાલ મરચાનો પાઉડર નાંખી માર મારી લૂંટ કરી નાસી ગયેલા આરોપીને ઈચ્છાપોર પોલીસે હિમાચલ પ્રદેશના મનાલી ખાતેથી ઝડપી પાડ્યો છે.

ગત 16/12/2025ના રોજ આરોપી જતીન ઉર્ફે જતીનસિંગ અંતરસિંગ ચૌધરી (ઉ.વ. 22, રહે. સ્વાગત રેસીડેન્સી, ઈચ્છાપોર)એ પોતાની જ બિલ્ડિંગમાં ત્રીજા માળે રહેતા નિલુબેન તુશાંક દ્વિવેદી એકલા અને ગર્ભવતી હોવાનો લાભ લઈ ગુનો આચર્યો હતો. આરોપીએ ઘરનો દરવાજો ખોલાવડાવી નિલુબેનની આંખમાં લાલ મરચાનો પાઉડર નાંખી તેમને જમીન પર પાડી ઢીકા-મુક્કી તેમજ સ્ક્રુ ડ્રાઈવર વડે હાથ-પગમાં ઈજા પહોંચાડી હતી.

ભાન ગુમાવેલી હાલતમાં નિલુબેનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

નિલુબેન ઘરે પરત ફરતાં ઘરનું કબાટ વેરવિખેર હાલતમાં મળ્યું હતું અને અંદાજે રૂ. 2,26,300 લાખના દાગીના લૂંટાઈ ગયેલા હોવાનું બહાર આવ્યું હતું. આ બાબતે ઈચ્છાપોર પોલીસ સ્ટેશને લૂંટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

તપાસમાં આરોપી એક્ટીવા મોપેડ (નં. GJ-05-TZ-9946) મૂકીને સુરત રેલવે સ્ટેશનથી ટ્રેન મારફતે ફરાર થયો હોવાનું CCTV ફૂટેજ પરથી જાણવા મળ્યું હતું. આરોપીએ પોતાનો મોબાઈલ ફોન પણ બંધ કરી દીધો હતો. વધુ તપાસ કરતાં આરોપીએ રૂ. 35,000/- પોતાની અમદાવાદમાં રહેતી ગર્લફ્રેન્ડના ખાતામાં ટ્રાન્સફર કરેલા હોવાનું બહાર આવ્યું હતું. બેંક અને સોશિયલ મીડિયા વિગતોના આધારે ગર્લફ્રેન્ડના મોબાઈલ લોકેશન ટ્રેસ કરતાં આરોપી મનાલી (હિમાચલ પ્રદેશ)માં હોવાનું જાણવા મળ્યું હતું. આથી ઈચ્છાપોર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે આરોપી તથા તેની ગર્લફ્રેન્ડની રેકી કરી આરોપી જતીન ઉર્ફે જતીનસિંગ અંતરસિંગ ચૌધરીને ઝડપી પાડ્યો હતો.

### ખટોદરામાં તમંચા સાથે ડ્રાઈવર ઝડપાયો

સુરતઃ ક્રાઇમ બ્રાન્ચે ખટોદરા વિસ્તારના ગાંધી કુટિર બ્રિજના છેડે જાહેર રોડ પરથી પ્રદીપકુમાર કમલેશપ્રસાદ પટેલ (ઉં.વ.૩૦) (ધંધો-ડ્રાઇવિંગ) (રહે.,ગોવાલક રોડ, પાંડેસરા, સુરત, મૂળ વતન-યદુવીરનગર તનાજા, પોસ્ટ-ધુનવારા, તા.મૈયર, જિ.સતના, મધ્યપ્રદેશ)ને ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી લોખંડની ધાતુનો હાથ બનાવટનો દેશી તમંચો (નંગ-૧) કિં.રૂ.૫,૦૦૦ કબજે કરવામાં આવ્યો છે. આ તમંચો કોની પાસેથી અને કયા હેતુ માટે લાવવામાં આવ્યો હતો તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી પ્રદીપ પટેલની ધરપકડ કરી છે.

તપાસ દરમિયાન આરોપી માર્કેટમાં ટેમ્પો ચલાવવાનું કામ કરે છે અને દેશી તમંચો તે વતનમાંથી વેચવા માટે લાવ્યો હોવાનું રટણ કર્યું છે.

# દીવા તળે અંધારું: મનપાની શાળા પાસે જ ગંદકી અને દબાણની સમસ્યા

**સ્વચ્છતા** સુપર લીગમાં પહોંચીને સુરત મનપાએ જાણે સંતોષ માની લીધો, શહેરમાં જ્યાં ને ત્યાં ગંદકીનું સામ્રાજ્ય



સુરતઃ શહેરને સ્વચ્છ અને કચરામુક્ત બનાવવા સુરત મહાનગર પાલિકા દ્વારા મોટા દાવા કરવામાં આવે છે. સ્વચ્છતા સુપર લીગમાં પહોંચીને જાણે સુરત મનપાએ સંતોષ માની લીધો છે. કારણ કે, હવે શહેરમાં જ્યાં ને ત્યાં ગંદકી જોવા મળી રહી છે. સાથે સાથે શહેરભરમાં દબાણ ઝુંબેશ ચલાવતી મનપાની શાળા પાસે જ દબાણની સમસ્યા જોવા મળી રહી છે. મનપા દ્વારા આધુનિક સફાઈ મશીનરી ખરીદવા પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે. તેમ છતાં વાસ્તવિક પરિસ્થિતિમાં દીવા તળે અંધારુ જેવી સ્થિતિ જોવા મળી રહી છે. કારણ કે, સુરત મહાનગરપાલિકા સંચાલિત શાળાની સામે જ દબાણો છે અને ભંગાર સામાન પડી રહે છે, જેના કારણે વિદ્યાર્થીઓને શાળામાં આવવા-જવામાં તકલીફ થઈ રહી છે.

લિંબાયત ઝોનમાં ભાઠેના વિસ્તારમાં વાડીવાલી દરગાહની પાછળ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળા ક્રમાંક-29 ડો. જગદીશ ચંદ્ર બોઝ ઉર્દૂ પ્રાથમિક શાળામાં દરરોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. પરંતુ શાળાની એકદમ બાજુમાં જ સ્થાનિકો દ્વારા કચરો ફેંકાતાં અહીં કચરાના ઢગ હોય છે, જેના કારણે આસપાસ ગંદકી તથા દુર્ગંધ ફેલાય છે. સાથે સાથે અહીં ટેમ્પો, લારીના દબાણ પણ ઉભા રહે છે. જેને લઈ શાળાના આચાર્ય દ્વારા જ લિંબાયત ઝોનના દબાણ વિભાગને આ સમસ્યા દૂર કરવા માટે રજુઆત કરી છે.